ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

૧૨ | મંગળવાર ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | કડોદ | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ

ભરૂચમાં બાઈક અને મોપેડ અથડાતાં દંપતી સહિત ત્રણનાં મોત, એક ઘાયલ

સામલોદ ગામની સીમમાં મોપેડને ઓવરટેક કરવાની ઉતાવળમાં અકસ્માત સર્જાયો



ભરૂચઃ ભરૂચના સામલોદ ગામની સીમમાં જમાદાર ઈંટોના ભઠ્ઠા સામેના રોડ પર રવિવારે સાંજે ઓવરટેક કરવાની લાયમાં બાઈક અને મોપેડ સામસામે અથડાતાં ત્રણ લોકોનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે એક યુવક ઈજાગ્રસ્ત થયો હતો.

મળતી માહિતી મુજબ ઝઘડિયાના ધોળકૂવા ગામના સ્ટેશન ફળિયામાં રહેતો ૧૮ વર્ષીય જયેશ મહેશભાઈ વસાવા અને તેનો મિત્ર રાહુલ રાજુભાઈ વસાવા (રહે., જમાઈ નગરી, ઝઘડિયા) R15 મોટરસાઇકલ નં.(GJ-16-DJ-7829) પર નબીપુર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન સાંજે છ વાગ્યાના અરસામાં સામલોદ ગામની સીમમાં જમાદાર ઈંટોના ભઠ્ઠા સામે રાહુલ વસાવાએ બાઈક પૂરઝડપે હંકારી અન્ય વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે સામેના ટ્રેક પરથી આવી રહેલી જ્યુપિટર મોપેડ નં.(GJ-06-QF-9401) સાથે તેમની જોરદાર ટક્કર થઈ હતી.

આ અકસ્માતમાં મોપેડ ચાલક સતીશભાઈ અને તેમની પાછળ બેસેલાં પત્ની જોશનાબેન (હાલ રહે., ઇન્દિરા આવાસ, ઝનોર, મૂળ રહે.,પાછીયાપુરા, કરજણ) તેમજ અકસ્માત સર્જનાર R15 બાઈક ચાલક રાહુલ વસાવાને શરીરે ગંભીર ઈજા પહોંચતાં ત્રણેયનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે ફરિયાદી જયેશ વસાવાને મોં અને શરીરે ઈજા પહોંચતાં તેને ૧૦૮ મારફતે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે. એકસાથે ત્રણ લોકોનાં મોત થતાં આસપાસના વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવમાં નબીપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ તરુણકુમાર ચૌધરી કરી રહ્યા છે.

મોદલીયા ગામે અકસ્માતમાં એકનું મોત

ભરૂચઃ નેત્રંગના મોદલીયા ગામ પાસે રોડ ઉપર માર્ગ અકસ્માતમાં રાહદારીનું મોત નીપજ્યું હતું. મોદલીયા ગામના છત્રસિંગભાઈ બાબુભાઈ વસાવાએ વાલિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર ગત તા.11 ઓક્ટોબરે સાંજે તેઓના કાકા 55 વર્ષીય ધીરુભાઈ છગનભાઈ વસાવા પોતાની મોટરસાઇકલ નં.(GJ-05-CY-1678) લઈ નેત્રંગ તરફથી મોદલીયા ગામ પાસે આવેલા હસમુખભાઈ ભંડારીના ખેતર પાસેના રોડ ઉપરથી પસાર થઈ રહ્યો હતો. એ સમયે સામેથી આવી રહેલા એક છોટા હાથી નં.(GJ-05-CY-1678)નો ચાલક ગફલતભરી રીતે વાહન હંકારી અકસ્માત સર્જીને ભાગી છૂટ્યો હતો, જેમાં ધીરુભાઈ વસાવાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

પરવાનગી વગર જ સ્ટોલ મામલે બુહારીમાં માથાકૂટ

ભૂતકાળમાં મંદિરની બહાર સ્ટોલ મૂકવામાં આવતો હોવાથી ભારે ભીડથી સમસ્યા સર્જાતી હતી

ગ્રામ પંચાયતે પણ અરજી નકારી હતી, પરંતુ સ્ટોલ મૂકવા બળજબરી કરાતાં માથાકૂટ

પોલીસ કાફલો દોડી આવતાં ઘર્ષણ, આખરે એક ખૂણામાં સ્ટોલ મૂકવા દેવામાં આવતાં મામલો થાળે પડ્યો



બુહારીની જનતા એકતામાં માને છે, દબાણમાં નહીં

આ સમગ્ર ઘટનાએ બુહારીમાં એક મોટો સવાલ ઊભો કર્યો છે: જાહેર માર્ગની વ્યવસ્થા, ગ્રામ પંચાયતના અધિકારો અને ગામના હિત કરતાં વ્યક્તિગત કે રાજકીય હિતોને વધારે મહત્ત્વ આપવું કેટલું યોગ્ય છે? સ્થાનિક રાજકીય નેતાના સમર્થકો દ્વારા મહોત્સવ અને બુહારી ગામની છબીને નુકસાન પહોંચાડવાના પ્રયાસો થયાના આક્ષેપો પણ સામે આવ્યા છે. આવા સંજોગોમાં ગામના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમને વિવાદોથી દૂર રાખવો અને સામાન્ય નાગરિકોના હિતનું રક્ષણ કરવું અત્યંત જરૂરી છે. બુહારીની જનતા એકતામાં માને છે, દબાણમાં નહીં! વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવ કોઈ વ્યક્તિના અહંકાર કે રાજકીય શક્તિનું પ્રદર્શન નથી. આ હજારો શ્રદ્ધાળુઓની આસ્થા, યુવાનોના ઉત્સાહ, મહિલાઓની ભાગીદારી અને સ્થાનિક વેપારીઓની રોજીરોટી સાથે જોડાયેલો ઉત્સવ છે.

વાલોડ, સુરત: બુહારી ગામમાં વર્ષ 2012થી સૂરજ દેસાઈ ગ્રુપ દ્વારા આયોજિત વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ આજે બુહારી સહિત આસપાસનાં 40થી 50 ગામના લોકો માટે આસ્થા, સંસ્કૃતિ અને સામાજિક એકતાનું પ્રતીક બન્યો છે. દરરોજ હજારોની સંખ્યામાં ઊમટી પડતા ખેલૈયાઓ, દેશભરના ખ્યાતનામ કલાકારો અને માતાજીની આરાધનાથી આ મહોત્સવે સમગ્ર વિસ્તારમાં આગવી ઓળખ ઊભી કરી છે. આ મહોત્સવમાં કોઈપણ પ્રકારની એન્ટ્રી ફી કે પાસ વિના સૌને નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવે છે. સ્થાનિક નાના વેપારીઓને પણ કોઈપણ પ્રકારનું ભાડું કે સ્ટોલ ફી લીધા વિના વ્યવસ્થિત જગ્યા, મંડપ અને બેઠકની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બુહારીમાં છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક રાજકીય નેતૃત્વ અને ગ્રામ પંચાયત વચ્ચે વિવિધ મુદ્દાઓને લઈને તણાવ જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિ વચ્ચે નવરાત્રી મહોત્સવ દરમિયાન ગ્રામ પંચાયતના જાહેર માર્ગ અને જમીન પર હંગામી સ્ટોલ મૂકવાની મંજૂરી માગતી અરજીનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો છે. ગ્રામ પંચાયત દ્વારા આ અરજી દફતરે કરવામાં આવ્યા બાદ પંચાયતની જગ્યામાં સ્ટોલ મૂકવાની મંજૂરી આપવામાં આવી ન હતી. અંતે, સંબંધિત સ્ટોલધારકો માટે જૂની પીએચસી બુહારી નજીક, નદી કિનારે આવેલી રામજી મંદિરની માલિકીની જગ્યાના એક ખૂણામાં વ્યવસ્થા કરવામાં આવી હતી.

જોકે, આ મામલે થયેલા ઘર્ષણમાં ગામમાં તાપી જિલ્લા પોલીસ વડા અને ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો બુહારી દોડી આવ્યો હતો અને ઘર્ષણ થયું હતું પરંતુ વ્યવસ્થા થઈ જતાં આખરે મામલો થાળે પડ્યો હતો. સમગ્ર ઘટનાનો વિડીયો વાઈરલ પણ થયો હતો. આ તમામ વિવાદો વચ્ચે આયોજક સૂરજ દેસાઈ ગ્રુપે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, 'વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ કોઈ વ્યક્તિના અહંકાર કે રાજકીય શક્તિનું પ્રદર્શન નથી, પરંતુ હજારો શ્રદ્ધાળુઓની આસ્થા અને નાના વેપારીઓની રોજીરોટી સાથે જોડાયેલો ઉત્સવ છે.' બુહારીની જનતા માટે ગામનું ગૌરવ અને એકતા સર્વોપરી છે, ત્યારે આ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ વિવાદોથી મુક્ત રહીને શાંતિપૂર્ણ માહોલમાં આગળ વધે તેવી ગ્રામજનોની પ્રબળ આશા છે.



ભેંસલીમાં લક્ઝરી બસ સાથે અકસ્માત, કારચાલક ફસાયો

ભરૂચઃ ભરૂચ-દહેજ હાઈવે પર ભેંસલી ગામ પાસે સોમવારે લક્ઝરી બસ અને ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ટક્કરમાં ઈકો કારના આગળના ભાગને ભારે નુકસાન થયું હતું. જ્યારે કારમાં સવાર એક વ્યક્તિ ફસાઈ જતાં ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને ફસાયેલી વ્યક્તિને બહાર કાઢવા માટે પ્રયાસો શરૂ કર્યા હતા. અકસ્માતમાં ઈકો કારના ચાલકને નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માતને કારણે હાઈવે પર લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. જેના કારણે થોડા સમય માટે વાહન વ્યવહારને અસર થઈ હતી. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે.

'તું મારી ગર્લફ્રેન્ડ તરફ કેમ જુએ છે' કહીને વિદ્યાર્થી પર હુમલો

રાજપીપળામાં પ્રેમ પ્રકરણની શંકા રાખી 10 જેટલા શખ્સોએ વિદ્યાર્થીને માર માર્યો

માર મારતા ગભરાયેલા વિદ્યાર્થીએ આપઘાતનો પ્રયાસ કર્યો

રાજપીપળાઃ રાજપીપળા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં 15 વર્ષીય વિદ્યાર્થી પર પ્રેમ પ્રકરણની શંકા રાખી 10 જેટલા શખ્સો દ્વારા ઢોર માર મારવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ધો.11ના વિદ્યાર્થી સહિત 10 ઈસમ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

રાજપીપળાની એક સોસાયટીમાં રહેતા 15 વર્ષીય વિદ્યાર્થીને તેની સ્કૂલમાં 11મા ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ 'તું મારી ગર્લફ્રેન્ડ તરફ કેમ જુએ છે, તું સ્કૂલ બહાર મળજે અને જીન કમ્પાઉન્ડ મળવા આવજે' તેમ કહીને ધમકી આપી હતી. ભોગ બનનાર વિદ્યાર્થીએ સ્પષ્ટતા કરી હતી કે, તે છોકરી તેને બે વર્ષથી રાખડી બાંધે છે અને તે તેને બહેન માને છે. આમ છતાં ગત તા. ૮/૧૦/૨૦૨૬ના રોજ સાંજે સાડા આઠ વાગ્યાના અરસામાં વિદ્યાર્થી અને તેની સાથેના અજાણ્યા ઇસમોએ ભોગ બનનારને રાજપીપળા રેલવે સ્ટેશન ખાતે બોલાવ્યો હતો. ત્યાં તમામ આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી 15 વર્ષીય વિદ્યાર્થીને ઢોર માર માર્યો હતો અને એક આરોપીએ હાથમાં પહેરેલું કડું પગના ભાગે મારીને શારીરિક ઈજાઓ પહોંચાડી હતી. આ ઘટના બાદ ગભરાયેલા અને માનસિક ત્રાસ અનુભવતા ભોગ બનનાર વિદ્યાર્થીએ ૧૧ ઓક્ટોબરે સવારે પોતાના ઘરે પંખા સાથે ઓઢણી બાંધી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિવારે તેને અટકાવી પૂછપરછ કરતાં હકીકત બહાર આવી હતી. બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વિદ્યાર્થીને રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પિતાની ફરિયાદના આધારે રાજપીપળા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. સંદીપદાન અજીતદાન ગઢવીએ હાથ ધરી છે.

આમોદમાં રોડ એક ને ઉદ્ઘાટન બે: નેતાઓ વચ્ચે શ્રેય-યુદ્ધ !

નેશનલ હાઇવે નં.૬૪ના RCC રોડના લોકાર્પણ પર ભાજપ અને કોંગ્રેસનો રાજકીય ટકરાવ !



આમોદ, ભરૂચ: આમોદ પાસેથી પસાર થતા ને.હા.નં.૬૪ ઉપરના બચ્ચોં કા ઘરથી બત્રીસી નાળા સુધીના ૫૦૦ મીટર લાંબા RCC રોડનું ગતરોજ ધારાસભ્ય ડી.કે.સ્વામીના હસ્તે ભાજપના કાર્યકરોની હાજરીમાં રિબિન કાપી, શ્રીફળ વધેરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં ધારાસભ્યએ વિરોધીઓને રાજકીય ટોણો માર્યા બાદ રાજકીય ગરમાવો તેજ બન્યો હતો. જેનાથી આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજી ઘુંઆપુંઆ થઈ ગયા હતા અને સોમવારે ફરીથી એ જ રોડનું તાલુકા કોંગ્રેસ પ્રમુખે ફટાકડાની આતશબાજી કરી રોડના નિર્માણનો શ્રેય લેતાં રાજકીય ખેંચતાણ જોવા મળી હતી. એક તરફ ધારાસભ્યએ રોડનું કામ પૂર્ણ થતાં વિપક્ષ પાસે હવે વિરોધનો કોઈ મુદ્દો રહ્યો નથી તેમ જણાવ્યું હતું. તો બીજી તરફ કોંગ્રેસે આક્ષેપ કર્યો કે તેના ઉગ્ર વિરોધ અને જનતાના અવાજના કારણે જ માર્ગનું કામ પૂર્ણ થયું છે. આમ તૈયાર થયેલા રોડના લોકાર્પણ સાથે જ રાજકીય શ્રેય લેવાની સ્પર્ધા શરૂ થઈ હતી. ત્યારે લોકોની સલામતી બાબતે આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજીએ નવનિર્મિત માર્ગ પર જરૂરી સાઇન બોર્ડ તેમજ શાળા નજીક સ્પીડ બ્રેકર જેવી વ્યવસ્થાઓના અભાવ અંગે સવાલો ઉઠાવ્યા હતા.

તાપી જિલ્લા પંચાયતના આઉટ સોર્સના કર્મચારીઓને

3 વર્ષથી PFનાં નાણાં ન આપનાર એજન્સીને ફરીથી ટેન્ડર અપાયું!

ટેન્ડર આપવા સામે વાંધો ઉઠાવી એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માંગ

વ્યારાઃ તાપી જિલ્લા પંચાયત હસ્તકના કમ્પ્યુટર ઓપરેટર અને ચોકીદાર સહિતના 11 મહિનાના કરાર આધારિત આઉટસોર્સથી ફરજ બજાવતા કર્મચારીઓને ત્રણ-ત્રણ વર્ષ સુધી PFનાં નાણાં ન આપનારી મહેસાણાની શ્રી રાધે એન્ટરપ્રાઈઝને ફરીથી ટેન્ડર અપાયું હોવાથી તંત્રની બેદરકારી બહાર આવી છે. જેને આઉટ સોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓમાં અંદરોઅંદર નારાજગી વ્યાપી છે. ત્યારે કર્મચારીઓનું શોષણ કરતી એજન્સીને આપવામાં આવેલા ટેન્ડરને તાત્કાલિક રદ કરી એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માંગ કરવામાં આવી છે.

મહેસાણાની એજન્સી સામે શ્રી રાધે એન્ટરપ્રાઈઝ અગાઉના વર્ષમાં આઉટ સોર્સિંગ કર્મચારીઓનાં ત્રણ વર્ષથી PF જમા ન કરાવતાં વિવાદમાં સપડાઈ હતી અને જે-તે સમયે કર્મચારીઓ દ્વારા પોલીસની હાજરીમાં એજન્સીનો ઉધડો લેવાયો હતો. જે અંગે દૈનિક વર્તમાનપત્રોમાં અહેવાલો પણ પ્રસિધ્ધ થયા હતા. ત્યારે જરૂરી કાયદા અને નિયમોનો ભંગ કરનારી શ્રી રાધે એન્ટરપ્રાઈઝને તા.1-10-2026થી તા.31-8-2026 સુધી 11 માસ માટે ફરી નિયુક્ત કરવામાં આવી હોય, જેનો જિલ્લા પંચાયતનાં વિપક્ષી સભ્ય નિલેશ ગામીતે વાંધો ઉઠાવ્યો છે અને જ્યાં સુધી જૂના તમામ આઉટસોર્સિંગ કર્મચારીઓને PFનાં નાણાંનો હિસાબ ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી વર્ક ઓર્ડર આપવાની માંગ કરી છે તેમજ શ્રી રાધે એન્ટરપ્રાઈઝને બ્લેકલિસ્ટ કરવા રજૂઆત કરી છે. આગામી 7 દિવસની અંદર આ બાબતે સ્થાનિક કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવે તો આગામી દિવસોમાં ઉચ્ચ સ્તરે શ્રમ આયુક્ત ગાંધીનગર, PF કમિશ્નર સહિત હાઈકોર્ટે સુધી ફરિયાદ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

ભરૂચમાં ભાજપ મહિલા મોરચાનું કોંગ્રેસ સામે વિરોધ પ્રદર્શન



ભરૂચઃ ભરૂચમાં મહિલાઓના સન્માનના મુદ્દે ભાજપના મહિલા મોરચા દ્વારા કોંગ્રેસ પાર્ટી સામે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ભરૂચ રેલવે સ્ટેશનની બહાર યોજાયેલા આ પ્રદર્શનમાં જિલ્લા ભાજપ મહિલા મોરચાની આગેવાન મહિલાઓ અને કાર્યકરોએ હાથમાં પોસ્ટર લઈને વિરોધ નોંધાવ્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના સાંસદ અંગોમચા બિમોલ અકોઈજમ સાથે સંકળાયેલા વિવાદોને લઈને કાર્યકરોએ કોંગ્રેસ તથા રાહુલ ગાંધી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ મામલે જવાબદારો સામે કાર્યવાહી કરવાની સાથે જાહેરમાં માફી માંગવાની પણ માંગ કરવામાં આવી હતી. ભરૂચમાં ભાજપ મહિલા મોરચાએ મહિલાઓના સન્માનના મુદ્દે કોંગ્રેસ સામે રાજકીય વિરોધ નોંધાવ્યો હતો.

દારૂના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો



નેત્રંગ: ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે નેત્રંગ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લાં સવા બે વર્ષથી નાસતા-ફરતા લિસ્ટેડ આરોપી રણજીત ઉર્ફે રણજો વસાવે (રહે., ત્રણખૂણીયા, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર)ને થવા બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડ્યો છે. LCBએ બાતમીના આધારે આરોપીને ઝડપી લઈ આગળની કાર્યવાહી અર્થે નેત્રંગ પોલીસને સોંપ્યો છે.

બારડોલી બસ સ્ટેશન ખાતે ગ્રામ હાટનો શુભારંભ



બારડોલી: 'DAY-NRLM યોજના અંતર્ગત ગ્રામીણ સ્વસહાય જૂથોની બહેનો દ્વારા ઉત્પાદિત વિવિધ હસ્તકલા સહિતની ચીજવસ્તુઓના વેચાણ અને બજાર વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાના હેતુથી બારડોલી બસ સ્ટેશન ખાતે નિર્મિત ગ્રામ હાટનું ઉદ્ઘાટન કરાયું હતું. આ અવસરે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, ડીડીઓ દેવેન્દ્ર મીના, તાલુકા પંચાયત પ્રમુખ મયૂરભાઈ રાઠોડ તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરતના નિયામક એમ. બી. પ્રજાપતિ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મેણપુર ગામે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો


કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના મેણપુર ગામે રવિવારે પ્રાથમિક શાળા ખાતે મફત હેલ્થ ચેકઅપ કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરાયું હતું. જનજાતિ કલ્યાણ આશ્રમ, ગુજરાતના મુખ્ય આયોજન હેઠળ મેણપુર ગ્રામ પંચાયત અને કુશબાબેન પાડવીના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં 350થી વધુ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

જોળવાની ડોનિયર ઇન્ડસ્ટ્રિઝમાં ગરમ પાણી ઊડતાં શ્રમિક ગંભીર રીતે દાઝ્યો

પલસાણાઃ મૂળ મધ્ય પ્રદેશના નર્મદાપુર અને હાલ જોળવા ગામ ખાતે ભક્તિનંદન એપાર્ટમેન્ટમાં રહેતા ૩૯ વર્ષીય અર્જુનસિંગ પુરનલાલ સોનિયા કંપનીના યાર્ન ડાઈંગ ડિપાર્ટમેન્ટમાં Fongs મશીન પર ફરજ બજાવી રહ્યા હતા. દરમિયાન મશીનનું પ્રેશર રિલીઝ કર્યા વિના જ અજાણતાં સીધું ઢાંકણ ખોલી નાંખતાં અંદર ભરેલું અત્યંત ગરમ પાણી સીધું તેમના શરીર પર ઊછળ્યું હતું. આ અકસ્માતમાં અર્જુનસિંગ પેટના ભાગે, પેટની જમણી બાજુ તેમજ કમરના ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા. ઈજાગ્રસ્ત શ્રમિકને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પલસાણા પોલીસે મથકે જાણવા જોગ નોંધ કરી તપાસ આદરી છે.

બારડોલી સુગરનો ૧૪ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક

સંસ્થાની બોઈલર પ્રદીપ્ત વિધિ સંપન્ન



બારડોલીઃ બારડોલી પ્રદેશની જીવાદોરીસમાન અને એશિયા ખંડમાં સહકારી ક્ષેત્રે સૌથી મોટી ગણાતી શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. (બારડોલી સુગર ફેક્ટરી), બાબેન-બારડોલી ખાતે આગામી શેરડી પિલાણ સિઝન ૨૦૨૬-૨૦૨૭ માટે બોઈલર પ્રદીપ્ત વિધિ ઉત્સાહભેર સંપન્ન થઈ હતી.

આસો સુદ બીજ, સોમવાર તા.૧૨ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ સંસ્થાના પ્રમુખ મુકેશચંદ્ર નગીનભાઈ પટેલના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર બોઈલર પ્રદીપ્ત કરવામાં આવ્યું હતું.

આ શુભ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ અનિલકુમાર હરિભાઈ પટેલ સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સના તમામ સભ્યો, મેનેજિંગ ડિરેક્ટર, ડેપ્યુટી જનરલ મેનેજર, ફેક્ટરીના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વાહન ઓપરેટર સમિતિના પ્રમુખ અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાની આગામી પિલાણ સિઝન કોઈપણ પ્રકારના વિઘ્ન વિના સફળતાપૂર્વક સંપન્ન થાય એ માટે પ્રમુખ, ઉપપ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટર સહિત સૌ મહાનુભાવોએ પ્રાર્થના કરી સમગ્ર સંસ્થા પરિવારને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. સાથે સાથે આ નવી સિઝન દરમિયાન ૧૪ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક સિદ્ધ થશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

તાપીમાં નોંધણી પ્રભાગના કર્મીઓ હડતાળના મૂડમાં

પડતર પ્રશ્નોને લઈ અધિક કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

વ્યારાઃ તાજેતરમાં મહેસૂલી કર્મચારીઓની હડતાળ અને ધરણાં કાર્યક્રમ સમેટાયા બાદ હવે રાજ્યનું રજિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ કર્મચારી મંડળ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને સરકાર સામે બાંયો ચઢાવવા જઈ રહ્યું છે. ત્યારે ગતરોજ તાપી જિલ્લાના નોંધણી વિભાગના કર્મચારીઓએ પડતર પ્રશ્નો અંગે આંદોલનાત્મક કાર્યક્રમ અંગે વહીવટી તંત્રને સૂચિત કરવા તાપી જિલ્લા અધિક કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. મહેસૂલ વિભાગ હસ્તકની નોંધણી સર નિરીક્ષકની કચેરી હસ્તક આવતી સબ રજિસ્ટ્રાર કચેરીઓ, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી સ્વરૂપે રાજ્ય સરકારની મહેસૂલી આવકમાં અગ્રેસર વિભાગ પૈકીની એક છે. તેમ છતાં રાજ્યના નોંધણી પ્રભાગના કર્મચારીઓના વિવિધ પડતર સેવાવિષયક અને વહીવટી પ્રશ્નોના નિરાકરણ માટે સરકારને વારંવાર રજૂઆત છતાં સરકાર દ્વારા આ મુદ્દે આજદિન કોઈ સકારાત્મક નિરાકરણ લાવવામાં ન આવતાં કર્મચારીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે. તાપી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ગતરોજ આવેદનપત્ર પાઠવી આગામી 15મી ઓક્ટોબરે કચેરી કામગીરી દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવવા, 17મી ઓક્ટોબરે સરકારી વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થવા, 22મી ઓક્ટોબરે તમામ કર્મચારીઓના માસ સી.એલ. પર ઊતરવા સહિત 2 નવેમ્બરે અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરવાના કાર્યક્રમ નિર્ધારિત કરવામાં આવ્યા છે.